# શહેરમાં ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૧૪૮ વિદ્યાર્થીઓને એ-વન ગ્રેડ

**શહેરની શાળાઓના વિદ્યાર્થીઓ ઝળક્યા : બોર્ડ પરિણામ જાહેર થતા ગુજકેટ અને નીટની પરીક્ષાની તૈયારીમાં વિદ્યાર્થીઓ ગળાડુબ : પરિણામલક્ષી ઉત્તેજનાનો અંત**




## શહેરના તેજસ્વી તારલાઓ

| | |
|---|---|
| વ્રજ કનુભાઇ પટેલ | સે-૨૩ શેઠ સી એમ હાઇસ્કુલ |
| પરમ બી પટેલ | સે-૨૩ શેઠ સી એમ હાઇસ્કુલ |
| ધ્રુવ જે શાહ | સે-૨૩ શેઠ સી એમ હાઇસ્કુલ |
| દેવ જે પટેલ | સે-૨૩ શેઠ સી એમ હાઇસ્કુલ |
| લવ એચ ધોબી | સે-૨૩ શેઠ સી એમ હાઇસ્કુલ |
| ધ્વનિ જે શાહ | સે-૨૩ શેઠ સી એમ હાઇસ્કુલ |
| અર્જુન એમ પટેલ | સે-૨૩ શેઠ સી એમ હાઇસ્કુલ |
| નિધી સવજીભાઇ ભલાલા | શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ |
| દીશાંત નરેન્દ્રકુમાર ગજ્જર | શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ |
| મીહીર અશોક પરમાર | શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ |
| રૂદ્ર અનિલભાઇ દેસાઇ | શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ |
| જયદીપ અશ્વિનભાઇ અમીન | શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ |
| શ્યામલ ભાવિનભાઇ ભાવસાર | શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ |
| ક્રીષ્ના નિલેશ પ્રજાપતિ | શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ |
| મેશ્વા કીર્તીભાઇ પટેલ | શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ |
| માહીન યુનુસભાઇ ગાંધર્વ | શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ |
| કશ્યપ જસવંતકુમાર પટેલ | શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ |
| સેજન બાબુભાઇ મન્સુરી | શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ |
| શૈશ્વ ઉર્વિશભાઇ રાવલ | શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ |
| પ્રણવ પ્રભાતસિંહ ખાબડ | શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ |
| જિલ કૌશિકકુમાર પટેલ | શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ |
| પ્રિયાંશી ભરતભાઇ ચૌધરી | શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ |
| કિંજલ અશ્વિનકુમાર પટેલ | શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ |
| માધવીબેન દિનાનાથ પાટીલ | શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ |
| ક્રીષ્ના જગદીશભાઇ દેસાઇ | શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ |
| રાજદીપસિંહ એમ. વાઘેલા | શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ |
| કૌશલ પ્રકાશભાઇ પટેલ | શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ |
| આદયા અશ્વિનકુમાર પટેલ | શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ |
| ઉત્પલ વિષ્ણુકુમાર પટેલ | શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ |
| ઉમંગ અનિલકુમાર શર્મા | શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ |
| જીલ ભરતભાઇ પટેલ | શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ |
| પાર્થિવ કનૈયાલાલ પટેલ | શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ |
| તૃપેશ બાબુભાઇ રાવલ | શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ |
| ઉજ્જવલ ભાવેશ પ્રજાપતિ | શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ |
| વૃંદા રમેશ ભાટીયા | શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ |
| રૂદ્રરાજ હરપાલસિંહ રાઠોડ | શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ |
| દર્શન પ્રવિણભાઇ પટેલ | શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ |
| હની રોહિતકુમાર પટેલ | શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ |
| હીમાની પંકજગીરી ગોસ્વામી | શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ |
| પ્રિત પ્રમોદ કુમાર શાહ | ઇન્ફોસીટી જુનિ. સાયન્સ કોલેજ |
| સોરીન પંકજ પટેલ | ઇન્ફોસીટી જુનિ. સાયન્સ કોલેજ |
| નીલ રાજેશ ગજેરા | ઇન્ફોસીટી જુનિ. સાયન્સ કોલેજ |
| હેલી કલ્પેશ પટેલ | ઇન્ફોસીટી જુનિ. સાયન્સ કોલેજ |
| વિધી જિતેન્દ્ર પટેલ | ઇન્ફોસીટી જુનિ. સાયન્સ કોલેજ |
| વૃષા જિતેન્દ્ર પટેલ | ઇન્ફોસીટી જુનિ. સાયન્સ કોલેજ |
| રીચા જગદીશ પટેલ | ઇન્ફોસીટી જુનિ. સાયન્સ કોલેજ |
| પ્રથમ પ્રિતેશ પટેલ | ઇન્ફોસીટી જુનિ. સાયન્સ કોલેજ |
| કૃપા દિલીપ પટેલ | ઇન્ફોસીટી જુનિ. સાયન્સ કોલેજ |
| એશા વિપુલકુમાર મહેતા | વેદ ઇન્ટરનેશનલ સ્કુલ |
| જિયા ચૈતન્ય શાહ | વેદ ઇન્ટરનેશનલ સ્કુલ |
| નિસર્ગ સુરેશકુમાર પટેલ | વેદ ઇન્ટરનેશનલ સ્કુલ |
| અર્ચના કાનાનુની નાયર | વેદ ઇન્ટરનેશનલ સ્કુલ |
| ધ્રુવી અતુલકુમાર મોદી | વેદ ઇન્ટરનેશનલ સ્કુલ |
| અભય નયનભાઇ ત્રિવેદી | વેદ ઇન્ટરનેશનલ સ્કુલ |

ગાંધીનગર તા ૧૭

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહનુ પરિણામ જાહેર કરાયુ હતુ. જેમાં ગાંધીનગર જિલ્લાના ૧૪૮ વિદ્યાર્થીઓએ એ વન ગ્રેડ પ્રાપ્ત કર્યો છે. જયારે આ પૈકી મોટાભાગના વિદ્યાર્થીઓ શહેરની જુદી જુદી શાળાના છે. બોર્ડનુ પરિણામ જાહેર થતા વિદ્યાર્થીઓ અને વાલીઓમાં પરિણામલક્ષી ઉત્તેજનાનો અંત આવ્યો છે. જયારે બોર્ડના પરિણામ બાદ હાલ વિદ્યાર્થીઓ ગુજકેટ અને નીટ પરીક્ષાની તૈયારીમાં ગળાડુબ બન્યા છે.



ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહનુ પરિણામ જાહેર કરાયુ હતુ. ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહમાં જિલ્લામાંથી ૪૯૪૪ વિદ્યાર્થીઓ નોંધાયા હતા જયારે કોવિડના લીધે આ વર્ષે પરીક્ષા રદ કરવામાં આવી હતી જેના અંતે પરિણામ તૈયાર કરવા માટે પણ શિક્ષણ વિભાગે નવી નિતી તૈયાર કરી હતી જે મુજબ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓનુ પરિણામ તૈયાર થતા આજે સવારે ૮ કલાકે શિક્ષણ બોર્ડની વેબસાઈટ પર પરિણામ જાહેર કરાયુ હતુ. ગાંધીનગર જિલ્લામાંથી વિજ્ઞાન પ્રવાહમાં ૪૯૪૪ વિદ્યાર્થીઓની નોંધણી થઈ હતી. જયારે આ પૈકી ૧૪૮ વિદ્યાર્થીઓએ એ વન ગ્રેડ મેળવ્યો છે. જયારે ૮૭૫ વિદ્યાર્થીઓએ એ ટુ અને બી વનમાં ૧૩૯૧ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. જયારે બી ટુ કક્ષામાં ૧૪૪૬ અને સી વનમાં ૮૨૩ જયારે સી ટુ માં ૨૩૯ વિદ્યાર્થીઓ છે. જયારે ડી કક્ષામાં ૧૯ વિદ્યાર્થીઓ અને ઈ વનમાં ૩ વિદ્યાર્થીઓ સામેલ થાય છે. કોરોનાના કપરા કાળમાં આ વર્ષે ધો -૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષા લેવાઈ નથી. પરીક્ષા રદ થયા બાદ વિદ્યાર્થીઓનુ પરિણામ તૈયાર કરવા માટે નિતી જાહેર કરવામાં આવી હતી જે મુજબ પરિણામ જાહેર કરાયુ છે. જેના અંતે ગત વર્ષની સાપેક્ષમાં પરિણામમાં પણ વિશેષ ફેરફાર જોવા મળી રહ્યો છે. ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહમાં એ વન ગ્રેડમાં સમાવિષ્ટ વિદ્યાર્થીઓ પૈકી મોટાભાગના શહેરની વિવિધ શાળાના છે. જેમાં સે-૨૩ સ્વામિનારાયણ ગુરુકુલ સ્કુલના ૩૨ વિદ્યાર્થીઓએ એ વન ગ્રેડમાં સ્થાન મેળવ્યુ છે. જયારે સે-૨૩ શેઠ સી એમ વિદ્યાલયના પણ ૮ વિદ્યાર્થીઓએ એ વન ગ્રેડ પ્રાપ્ત કર્યો છે. આ ઉપરાંત ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજના પણ ૯ વિદ્યાર્થીઓએ એ વન ગ્રેડ હાંસલ કર્યો છે. વેદ ઈન્ટરનેશન સ્કુલના પાંચ વિદ્યાર્થીઓએ એ વન ગ્રેડ મેળવ્યો છે. ગત વર્ષ કરતા એ વન ગ્રેડમાં ૧૪૭ વિદ્યાર્થીઓ વધુ છે. અલબત્ત ગત વર્ષે માત્ર એક જ વિદ્યાર્થીનો એ વન ગ્રેડમાં સમાવેશ થયો હતો.

## ગત વર્ષે માત્ર એક જ વિદ્યાર્થીએ એ-વન ગ્રેડ મેળવ્યો હતો ..!

ગાંધીનગર તા ૧૭

ગત વર્ષે ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહમાં જિલ્લામાંથી માત્ર એક જ વિદ્યાર્થીએ એ વન ગ્રેડ પ્રાપ્ત થયો હતો. જયારે ચારેય કેન્દ્રો પૈકી ગાંધીનગર કેન્દ્રનુ પરિણામ ૭૫.૦૭ ટકા આવ્યુ હતુ.ગત વર્ષે જિલ્લામાંથી ૫૧૧૮ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. એ વન ગ્રેડમાં માત્ર એક અને એ ટુ ગ્રેડમાં ૧૦૯ વિદ્યાર્થીઓ પાસ થયા હતા. જયારે જિલ્લાનુ પરિણામ ૭૩.૯૦ ટકા રહ્યુ હતુ. ગત વર્ષની સાપેક્ષમાં આ વર્ષે એ વન ગ્રેડ ધરાવતા વિદ્યાર્થીઓની સંખ્યામાં ધરખમ ફેરફાર જોવા મળી રહ્યો છે. આ વર્ષે જિલ્લામાંથી એ વન ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૧૪૮ રહી છે. જેમાં મોટાભાગના વિદ્યાર્થીઓ શહેરની વિવિધ શાળાના છે.

## સોલિડ વેસ્ટ મેનેજમેન્ટના અમલીકરણ માટે દંડનીય કાર્યવાહી સઘન રીતે કરો : કલેક્ટર

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લામાં પ્લાસ્ટીકના વપરાશ અને વધતા જતા વેસ્ટને લઈ આજે જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્યએ સખ્ત નારાજગી વ્યક્ત કરી હતી.

સોલિડ વેસ્ટ મેનેજમેન્ટની સમીક્ષા માટે આજે જિલ્લા કલેકટરના અધ્યક્ષાપદે ટાસ્ક ફોર્સની મળેલી બેઠકમાં તેમણે આ નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યુ હતુ કે ૫૦ માઈક્રોનથી નીચેના પ્લાસ્ટીકનો ઉપયોગ કરનારાઓ સામે દંડનીય કાર્યવાહી કરવા જણાવ્યુ હતુ.

ગાંધીનગર શહેરમાં પણ આરંભે શુરા જેવી સ્થિતિને લઈ તેમણે આશ્ચર્ય વ્યક્ત કર્યુ હતુ. તેમણે દંડની અસરકારક વસુલાત થવી જોઈએ એટલુ જ પુરતુ નથી પરંતુ પ્લાસ્ટીકથી થતા નુકશાન અંગે પણ લોકોમાં જાગૃતિ આવે તે જરૂરી છે.

આજની આ બેઠકમાં ઓ.ડી.એફ. બન્યા પછી પણ જાહેરમાં શૌચ કરતા લોકો જોવા મળી રહ્યા છે જે ખુબ જ દુ:ખદ છે. આ બાબતે પણ નિયમોની જોગવાઈઓ મુજબ દંડ વસુલી કરવામાં આવે તેવો આગ્રહ કરી સ્વચ્છતા અભિયાન સઘન બને તે જોવા જણાવ્યુ હતુ.

કલેકટરે દહેગામ અને કલોલની જાહેર સફાઈને લઈ પણ ત્યાંના અધિકારીઓને ટપાર્યા હતા. તેમણે કલોલ-મહેસાણા હાઈવે નજીક જે ગંદકી છે તે તાકીદે દૂર કરવા તેમજ જાહેર માર્ગોની નિયમિત સફાઈ થાય તે જોવા પણ જણાવ્યુ હતુ.

આ બેઠકમાં જિલ્લા કલેક્ટરે સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ અંતર્ગત ઘરેથી જ ભીનો અને સુકો કચરો સેગ્રીગેટેડ કરીને એકત્ર કરાય તો ઘણુ બધુ નિવારી શકાય તેમ કહ્યુ હતુ. તેમણે આ માટે ડોર ટુ ડોર કલેક્શન સાથે સંકળાયેલા કર્મયોગીઓ અને થમયોગીઓને યોગ્ય રીતે તાલિમ બદ્ધ કરવામાં આવે તેના પર ખાસ ભાર મુક્યો હતો.

આજની આ બેઠકમાં શહેરી વિસ્તારોમાં સ્વચ્છતા જળવાય તેમજ રોડ પર રેતીના થર જોવા ના મળે તે માટે તંત્ર દ્વારા પુરતુ ધ્યાન આપવામાં આવે તેવો આગ્રહ કર્યો હતો. જાહેરમાં કચરો બાળવાની પ્રવૃત્તિ પણ બંધ થવી જોઈએ એટલુ જ નહિ આવી પ્રવૃત્તિઓ કરનારા સામે દંડનીય કાર્યવાહી કરવા પણ તેમણે જણાવ્યુ હતુ.

## જિલ્લાના ૨૧ ગામોમાં કોરોના વેક્સિનેશનમાં ૧૦૦ ટકાને પ્રથમ ડોઝ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લાના ૨૧ ગામના તમામ ૧૮ વર્ષથી ઉપરની વયના લોકોને કોરોના વેક્સિનેશનનો પ્રથમ ડોઝ આપી દેવામાં આવ્યા છે.

ગાંધીનગર જિલ્લામાં ૧૬મી જાન્યુઆરી-૨૦૨૧થી રસીકરણ અભિયાનનો આરંભ કરવામાં આવ્યો હતો.

જિલ્લા આરોગ્યતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ અગાઉ છ ગામોમાં ૧૦૦ ટકા રસીકરણ અંતર્ગત પ્રથમ ડોઝ અપાયો હતો. આજે વધુ ૧૫ ગામો ૧૦૦ ટકાને પ્રથમ ડોઝ આપી દેવામાં આવ્યો છે.

આજે જે ૧૫ ગામોએ રસીકરણના ૧૦૦ ટકા લક્ષ્યાંકને સિદ્ધ કર્યો છે તેમાં માણસાના ૧૩ અને દહેગામના બે તેમજ ગાંધીનગરના બે ગામનો સમાવેશ થાય છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૯૪૯૩ લોકોને વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા છે. ગ્રામ્ય વિસ્તારમાં આજ સુધીમાં ૪,૩૨,૬૭૮ લોકોને પ્રથમ ડોઝ અને ૧,૧૮,૬૪૯ લોકોને વેક્સીનના બન્ને ડોઝ આપી દેવામાં આવ્યા છે.

સમગ્ર રાજ્યમાં કોરોના વિરૂદ્ધ રસીકરણ હાથ ધરવામાં આવ્યુ છે, તે અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં ૧૬ જાન્યુ. ૨૦૨૧ થી કોરોના વિરોધી રસીકરણ શરૂઆત થઈ હતી. જિલ્લા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારીના માર્ગદર્શન હેઠળ ગાંધીનગર જિલ્લામાં ૧૮ વર્ષથી ઉપરના તમામ નાગરીકોને ૧૦૦ ટકા રસીકરણ કરવા માટે ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ પ્રયાસોના ફળરૂપી માણસા તાલુકાનુ રામપુર, કલોલ તાલુકાના અઢોણા, ખાત્રજ, ગણપતપુરા, ઓળા તથા હિમ્મતપુરા ગામોનો તમામ ૧૮ વર્ષથી ઉપરના રહિશોને કોરોના વિરૂદ્ધ રસીનો પ્રથમ ડોઝ ગત અઠવાડિયે આપી દેવામાં આવ્યો હતો, આ ઉપરાંત માણસા તાલુકાના ગુનમા, બલિયાનગર (માણેકપુર), ભીમપુરા, મોતીપુરા, વેડા, રામપુરા, હિમ્મતપુરા, અજરાપુરા, હિમ્મતપુરા (લાખરોડા), કૃષ્ણનગર (દેલવાડ), દહેગામ તાલુકાના થામ્ભલિયા નવા અને માણેકપુર (પીપલજ) અને ગાંધીનગર તાલુકાના શિવપુરાકંપા, માતાપુરા એમ કુલ ૧૫ ગામોના તમામ રહિશોને કોરોના વિરૂદ્ધ રસીનો પ્રથમ ડોઝ આ અઠવાડિયે પુર્ણ કરેલ છે. આમ કુલ ગાંધીનગર જિલ્લામાં આજદિન સુધી કુલ ૨૧ ગામોમાં ૧૦૦ ટકા કોરોનાની રસીકરણ થઈ ચુક્યુ છે.



આવ રે વરસાદ... હવે આકાશ સામે જોઈને બાળપણમાં વારંવાર ગવાતુ આ ગીત ગાવાનુ મન થાય છે. ક્યારેક બફારાના કારણે કંટાળો પણ ખૂબ આવે છે. જૂન મહિનામાં વહેલો વરસાદ શરૂ થયો ત્યારે એવુ લાગતુ હતુ કે આ વખતે તો વરસાદ મોજ કરાવી દેશે પરંતુ જુલાઈ મહિનો અડધો ઉપરાંત વીતી ગયો હોવા છતાં સારા ચોમાસાના એંધાણ મળતા નથી. આકાશમાં વાદળોની અવરજવર સતત થઈ રહી છે પરંતુ એકધારો વરસાદ વરસાવે તેવા વાદળો જોવા મળતા નથી.

## શહેર-જિલ્લામાં કોરોનાના એક-એક કેસ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર શહેર અને જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોનાનો એક-એક કેસ નોંધાતા તંત્ર સતર્ક બની ગયુ છે.

ગાંધીનગર શહેરમાં છ દિવસ બાદ કોરોનાનો એક કેસ નોંધાયો છે. ગાંધીનગર શહેરમાં આજે મળી આવેલા કેસને પગલે તંત્રે સઘન સર્વેલન્સ માટેની સૂચનાઓ આપી છે.

ગાંધીનગર શહેરમાં સે. ૨૮માં ૬૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ કેસ સાથે શહેરમાં કોરોનાના દર્દીઓની સંખ્યા ૫ થઈ છે જે હાલ સારવાર હેઠળ છે. આજે બે દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ અપાયેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

TV રીપેરીંગ
ગાંધીનગર માટે
LED TV,
LCD TV
રીપેરીંગ માટે ફોન
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧૯૮૩૬૬

દુકાન વેચવાની છે
Cornerની, ભોંયતળિયે, 525 Sq.ft. પાછળ 100 Sq.ft. અંગત ખુલ્લી જગ્યા સાથે. બે શટર એક પાછળનો દરવાજો
૮૦ મીટર રોડ ટચ, PDPU GiftCity Road, રાયસણ, ગાંધીનગર
M. 9427314286

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com